# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ, જી.આણંદ દ્વારા "વિશ્વ પર્યાવરણ દિવસ" ની ઉજવણી નિમિતે તારીખ 5/6/2020 ના રોજ "વેબ કૃષિ ગોષ્ટી" કરવામાં આવી. આ કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. જી. જી. પટેલ એ પર્યાવરણની જાળવણી અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને ખેડૂત મિત્રોને જળ અને જમીન સરંક્ષણ તથા કુદરતી સંસાધનોના વ્યવસ્થાપન વિશે માહિતગાર કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સર્વે ખેડૂત મિત્રોને ખેતરના શેઢાપાળા ઉપર ઓછામાં ઓછા એકથી બે ઝાડ ઉછેરીને પર્યાવરણની જાળવણી કરવા અપીલ કરેલ ત્યારબાદ કેન્દ્રના પશુપાલન વિશે નિષ્ણાત વૈજ્ઞાનિક ડૉ. એસ.બી. કાટોલે દ્વારા પર્યાવરણ દિવસની થીમ એટલે કે "જૈવ-વિવિધતાને બચાવવા" પર ચર્ચા કરી. પશુપોષણ માટે સ્થાનિક ફીડ ઘટકોનો ઉપયોગ કરીને ઘરે કેવી રીતે કુલ-મિશ્રિત રાશન તૈયાર કરવું અને પશુ સંસાધન્ના સંરક્ષણ વિષય પર પણ તેમણે ચર્ચા કરી. વધુમાં કેન્દ્રના પાક સરક્ષણ વિષયના નિષ્ણાત ડૉ. આર એમ પટેલ દ્વારા ખેડૂત મિત્રોને આગામી ચોમાસુ ઋતુ માટેડાંગર ના ધરુની નર્સરી તૈયાર કરવા અને તેના રોગ-જીવાત નિયંત્રણ પરત્વે લેવાના પગલાં વિશે માહિતગાર કરી પ્રશ્નોત્તરી કરેલ, આણંદ જિલ્લાના કુલ ૪૪ ખેડુતો આ ઓનલાઇન ઝૂમ બેઠકમાં હાજર રહ્યા હતા. અંતમા આભારવિધી કરી કાયૅક્રમને પુણૅ કરવામાં આવેલ હતો.

## કાયૅક્રમ ની ઝાંખી





